## **સંકલ્પ સંબંધમાં રીત**

## **નિયમ–૧૧૭**

**સંકલ્પ રજૂ કરનાર સભ્યશ્રી:– (શ્રી કનૈયાલાલ કિશોરી)** માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે .....

દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે વિશ્વકર્મા તરીકે ઓળખ ધરાવતા કારીગર વર્ગના સર્વગ્રાહી ઉત્થાન માટે ભારત સરકાર દ્વારા સો ટકા સહાયિત ‘‘પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના’’ અમલમાં મૂકી છે શરૂઆતમાં આ યોજના વર્ષ ૨૦૨૭–૨૮ સુધી પાંચ વર્ષ માટે લાગુ કરવામાં આવનાર છે.

‘‘પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના’’નો હેતુ કારીગરો દ્વારા ઉત્પાદિત ઉત્પાદનો અને સેવાઓની ગુણવત્તામાં સુધારો કરવાનો છે તેમજ આ વિશ્વકર્મા સમાજ સ્થાનિક અને વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓ સાથે જોડાય તે સુનિશ્ચિત કરવાનો છે. આ ઉપરાંત હસ્તકલા કારીગરોને તેમના સંબંધિત વેપારમાં મૂલ્યવૃદ્ધિની શૃંખલાને આગળ વધારવા માટે સક્ષમ બનાવવા, શરૂઆતથી માંડીને અંત સુધી સર્વગ્રાહી સહાય પ્રદાન કરવાનો છે. આનાથી કારીગરો જે વ્યવસાયો કરે છે, તેમાં ગુણાત્મક પરિવર્તન આવશે અને વિશ્વકર્મા સમાજની સામાજિક અને આર્થિક સ્થિતિ તેમજ તેમના જીવનધોરણની ગુણવત્તામાં સુધારો થશે.

ભારતીય અર્થવ્યવસ્થામાં વ્યવસાયોના કારીગરો અને હસ્તકલાના કારીગરોનો નોંધપાત્ર સમાવેશ થયેલ છે. આ યોજનાના આયોજન અંતર્ગત ભારત સરકાર દ્વારા પ્રાથમિક તબક્કે ૧૮ વેપાર–વ્યવસાય સાથે સંકળાયેલા લાભાર્થીઓને લાભ આપવામાં આવનાર છે. જેમાં વાળંદ(નાઈ), દરજી, ધોબી, ઢીંગલી અને પરંપરાગત રમકડાનીબનાવટ(પરંપરાગત), સોની, શિલ્પકાર/મૂર્તિકાર/પથ્થરની કામગીરી કરનાર, બાસ્કેટ/મેટ/સાવરણી બનાવનાર/કાંથીની વસ્તુઓના કારીગરો, કુંભાર, કડિયા, લુહાર, સુથાર, મોચી/પગરખાં બનાવનાર કારીગર, બખ્તર બનાવનાર(આર્મરર), બોટ બનાવનાર, માછલી પકડવાની જાળી બનાવનાર, ફુલોની માળા બનાવનાર, હથોડી અને ટૂલકિટ બનાવનાર, તાળા બનાવનાર અને મરામત કરનાર વગેરે વિશ્વકર્મા કારીગરોનો સમાવેશ થાય છે.

‘‘પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના’’ સમગ્ર દેશની સાથે ગુજરાત રાજ્યમાં અમલી બનાવવામાં આવેલ છે ત્યારે વિશ્વકર્મા વ્યવસાયિકો તેના વધુમાં વધુ લાભાર્થી બને તે જરૂરી છે. આ યોજનાને બહોળી પ્રસિદ્ધિ મળે અને યોજના મહત્તમ લાભાર્થીઓ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા તેના માટે અસરકારક પગલાં ભરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**અધ્યક્ષ:–** સંકલ્પ રજૂ થાય છે.

**(ત્યારબાદ સંકલ્પ રજૂ કરનાર સભ્યશ્રી, મંત્રીશ્રી અને અન્ય સભ્યશ્રીઓ વકતવ્યો કરે છે.)**

**સંકલ્પ રજૂ કરનાર સભ્યશ્રી:–** . . . . . . . . . . . . . . .

**સભ્ય:–** . . . . . . . . . . . . . . .

**સભ્ય:–** . . . . . . . . . . . . . . .

**મંત્રીશ્રી:-** . . . . . . . . . . . . . . .

**(ત્યારબાદ સંકલ્પ રજૂ કરનાર સભ્યશ્રી ચર્ચાનો જવાબ આપે છે.)**

**સંકલ્પ રજૂ કરનાર સભ્યશ્રી:-** . . . . . . . . . . . . . . .

**(શ્રી કનૈયાલાલ કિશોરી)**

**<u>સભ્યશ્રી પોતાનો સંકલ્પ પાછો ખેંચી લેવાની પરવાનગી માગે તો</u>**

**સભ્ય:-** માનનીય અધ્યક્ષશ્રી હું મારો સંકલ્પ પાછો ખેંચી લેવાની સભાગૃહની પરવાનગી માગું છું.

**અધ્યક્ષ:-** પ્રશ્ન એ છે કે સભાગૃહ માનનીય સભ્યશ્રીને તેમનો સંકલ્પ પાછો ખેચી લેવાની પરવાનગી આપે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરુધ્ધમાં હોય તેઓ "ના" કહે.

**<u>પરવાનગી આપવાની તરફેણમાં બહુમતી જણાય તો</u>**

**અધ્યક્ષ:-** મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે(થોડી વાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. માનનીય સભ્યશ્રીને સંકલ્પ પાછો ખેંચી લેવાની સભાગૃહ પરવાનગી આપે છે.

**સભ્ય:-** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ પાછો ખેંચી લઉં છું.

**<u>પરવાનગી આપવાની વિરુધ્ધમાં બહુમતી જણાય તો</u>**

**અધ્યક્ષ:-** મને લાગે છે કે "ના" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "ના" કહેનારાની બહુમતી છે. માનનીય સભ્યશ્રીને સંકલ્પ પાછો ખેંચી લેવાની સભાગૃહની પરવાનગી નથી.

**<u>સભ્યશ્રી સંકલ્પ પાછો ખેંચી લેવાની સભાગૃહની પરવાનગી ન માગે અથવા સભાગૃહ પરવાનગી ન આપે તો</u>**

**અધ્યક્ષ:-** હવે હું સંકલ્પ મત માટે મૂકીશ. પ્રશ્ન એ છે કે જેઓ સંકલ્પની તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરુધ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "હા"/"ના" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "હા"/"ના" કહેનારાની બહુમતી છે. સંકલ્પનો સ્વીકાર/અસ્વીકાર કરવામાં આવે છે.